
॥ जय माता दी ॥





ASSAM - MEGHALAYA - ARUNACHAL



October-2026 to June 2027

Ajay Modi Travels Pvt. Ltd.

Head Office : Shakti-21 Complex, Above Indusind Bank, Opp. ITC Narmada,
Vastrapur Road, Ahmedabad-380015. Email : info@ajaymodi.com

98250 96999 75670 96999 www.ajaymodi.com

जय माता दी
AJAY MODI
NORTH EAST
0 KM.

ગુજરાત સરકાર / LIC માન્ય એલ.ટી.સી. પ્રવાસો...

JOIN US on

OFFICE TIME : 11.00 a.m. to 8.00 p.m. SUNDAY CLOSED (Head Office will open on Sunday from 11.00 a.m. to 2.00 p.m. only)

Ajay Modi Travels Pvt. Ltd.

પેમેન્ટ માટે ખાસ નોંધ

કોઈની પણ વાતમાં ફસાઈને કેશ પેમેન્ટ કરવું નહીં, તે અંગેની કોઈપણ જવાબદારી કંપનીની રહેશે નહીં.

ગ્રુપ ટૂર માટે બેંકની વિગત

A/C. NAME : Ajay Modi Travels Private Limited

ICICI BANK A/C. NO.: 777705096999

IFSC CODE : ICIC0000295

ICICI BRANCH : S. G. ROAD, AHMEDABAD

પ્રવાસીઓએ દરેક ટૂરનું પેમેન્ટ ફરજીયાત ઓનલાઈન કે ચેક કે કેશ દ્વારા ફક્ત બ્રોશરમાં જણાવેલ અજય મોદી ટ્રાવેલ્સના ઓફિસીયલ બેંક એકાઉન્ટમાં તથા UPI દ્વારા પેમેન્ટ કરવા માટે જણાવેલ અમારી કંપનીનાં QR Code મુજબ જ જમા કરાવવું. આપનું પેમેન્ટ જમા થયા બાદ જ પ્રવાસનું બુકીંગ વેલીડ ગણાશે. ૨૪ કલાકમાં તમે ભરેલાં પેમેન્ટની રીસીપ્ટ અચુક મેળવી લેવી. તથા અમારી કંપનીના સોફ્ટવેર દ્વારા જનરેટ થતા QR Code માં પણ આપ પેમેન્ટ કરી શકો છો જેની પેમેન્ટ ભર્યાની રીસીપ્ટ તરત જ પ્રવાસીને ઈ-મેલ તથા વ્હોટસઅપ દ્વારા ઓટોમેટીક મળી જતી હોય છે અને જો ના મળે અથવા આપને જો સોફ્ટવેરવાળા QR Code દ્વારા પેમેન્ટ કરવામાં કોઈ શંકા લાગે તો તુરંત જ મોબાઈલ નંબર 81410 22336 ઉપર જાણ કરવી/રૂબરૂ સંપર્ક કરવો.

એર-ટિકીટ માટે બેંકની વિગત

A/C. NAME : Ajay Modi Vacations

ICICI BANK A/C. NO.: 777705969994

IFSC CODE : ICIC0000295

ICICI BRANCH : S. G. ROAD, AHMEDABAD

ઉપર જણાવેલ QR કોડ તથા બેંકની વિગત સિવાય અન્ય કોઈપણ એકાઉન્ટમાં પેમેન્ટ કરશો તો સંપૂર્ણ જવાબદારી પ્રવાસીની જ રહેશે.

આસામ-મેઘાલય-અરૂણાચલ પ્રવાસની સસ્તી એર ટિકીટ માટે ઝડપથી વિચારો

અજય મોદી ટ્રાવેલ્સ તરફથી આસામ-મેઘાલય-અરૂણાચલનાં પ્રવાસ માટે **અમદાવાદથી ગુવાહાટી** અને **મુંબઈથી ગુવાહાટી** જતાં તેમજ રીટર્નમાં **ગુવાહાટીથી અમદાવાદ**ની ઈન્ડીગો એરલાઈન્સનાં એર બ્લોક લીધેલ છે. જેમાં મર્યાદીત સીટો હોવાથી વહેલાં તે પહેલાનાં ધોરણે એર ટિકીટો બુક કરાવવાથી ફાયદો થશે.

નવેમ્બર-૨૦૨૬ જતાં આવતાંની એર ટિકીટ ફક્ત રૂા. ૨૬,૦૦૦/- થી શરૂ
(Ex. Ahmedabad, Ex. Mumbai)

AMD - GAU 6E-6457 06:20 - 09:00	Guwahati to Ahmedabad 6 Nts.		Guwahati to Ahmedabad 12 Nts.	
DEPARTURE	RETURN	FLIGHT	RETURN	FLIGHT
2 Nov 26	8 Nov 26	00 - 00	14 Nov 26	6E 6458 17:50 - 21:25
3 Nov 26	9 Nov 26	00 - 00	15 Nov 26	6E 6458 17:50 - 21:25
4 Nov 26	10 Nov 26	00 - 00	16 Nov 26	6E 6458 17:50 - 21:25
5 Nov 26	11 Nov 26	00 - 00	17 Nov 26	6E 6458 17:50 - 21:25
6 Nov 26	12 Nov 26	6E 6458 17:50 - 21:25	18 Nov 26	6E 6458 17:50 - 21:25
7 Nov 26	13 Nov 26	6E 6458 17:50 - 21:25	19 Nov 26	00 - 00
8 Nov 26	14 Nov 26	6E 6458 17:50 - 21:25	20 Nov 26	00 - 00
9 Nov 26	15 Nov 26	6E 6458 17:50 - 21:25	21 Nov 26	00 - 00
10 Nov 26	16 Nov 26	6E 6458 17:50 - 21:25	22 Nov 26	00 - 00
11 Nov 26	17 Nov 26	6E 6458 17:50 - 21:25	23 Nov 26	00 - 00
12 Nov 26	18 Nov 26	6E 6458 17:50 - 21:25	24 Nov 26	00 - 00

મુંબઈથી ગુવાહાટી ફક્ત જતાંની એર ટિકીટ રૂા.૧૩,૦૦૦/-થી શરૂ

Mumbai to Guwahati	
DEPARTURE	FLIGHT
7 Nov 2026	6E-5140 05:35 - 08:30
8 Nov 2026	6E-5140 05:35 - 08:30
9 Nov 2026	6E-5140 05:35 - 08:30
10 Nov 2026	6E-5140 05:35 - 08:30
11 Nov 2026	6E-5140 05:35 - 08:30
12 Nov 2026	6E-5140 05:35 - 08:30

નોંધ : ઉપર જણાવેલ ફ્લાઈટનાં સમયમાં એરલાન્સ દ્વારા ફ્લાઈટનાં સમયમાં ફેરફાર થવાની શક્યતા રહેતી હોય છે.



TOUR-1 આસામ - મેઘાલય (ગુવાહાટી-શિલોંગ-કાઝીરંગા)

૬ રાત્રિ - ૭ દિવસ

ખૂબ જ ઓછા સમયમાં નવા અને નજીકનાં હિલ સ્ટેશન ફરવા જવું હોય તો આસામ અને મેઘાલયએ સુંદર, રોમેન્ટીક અને અસામાન્ય પ્રવાસન સ્થળ છે. પ્રકૃતિ પ્રેમી અને વાઈલ્ડ લાઈફ પ્રેમી પ્રવાસીઓ આ અદ્‌ભુત અને રોમાંચક સ્થળોની અચુક મુલાકાત લે છે.

આસામ પહોંચવા માટે (૧) અમદાવાદથી વિમાન દ્વારા ડાયરેક્ટ ગુવાહાટી માત્ર ૨.૩૦ કલાકમાં પહોંચી શકાય છે, જ્યારે ટ્રેનમાં આશરે ૬૦ કલાકની લાંબી અને કંટાળાજનક મુસાફરી કરીને ગુવાહાટી પહોંચી શકાય છે. સોશીયલ મિડીયામાં આજ કાલ આસામ-મેઘાલય-અરૂણાચલનાં સસ્તાં પેકેજોની અનેક ઓન-લાઈન જાહેરાતો આવે છે, પરંતુ મિત્રો આવી ઓછી કિંમતની જાહેરાતો અને રીલ જોઈને લલચાઈ જશો નહીં, કારણ કે ત્યાંની હોટલોની તેમજ અન્ય રીયાલીટીની અમને ખબર છે અને અમે ડાયરેક્ટ ત્યાંની હોટલોનાં માલિક તેમજ મેનેજમેન્ટ સાથે જોડાયેલાં છીએ.

આ સમગ્ર રૂટ ઉપર ગુજરાતી ભોજનની ખૂબ જ તકલીફ હોવાથી અમે અમારા ગ્રુપનાં સભ્યો (૩૦થી વધુ) માટે આપણું પોતાનું ગુજરાતી રસોડાનું આયોજન કરેલ છે, જેનું મોટા ભાગનું કરીયાણું અમદાવાદથી જ મોકલવામાં આવે છે.

દિ.	દૈનિક પ્રોગ્રામની અંદાજીત રૂપરેખા (EX. Guwahati)	રાત્રિ રોકાણ
1	ગુવાહાટી એરપોર્ટ આગમન બાદ હોટલ જવા પ્રયાણ. હોટલમાં ચેક-ઈન અને સમયની અનુકુળતા મુજબ કંપનીનાં વાહન દ્વારા ગુવાહાટીનાં વિશ્વવિખ્યાત કામાખ્યા શક્તિપીઠ મંદિરમાં દર્શન કરીને હોટલ પરત, રાત્રે ડીનર કર્યા બાદ આરામ. કામાખ્યા મંદિરમાં વી.આઈ.પી. દર્શન માટે પ્રવાસીઓએ દર્શનની તારીખનાં ૭ દિવસ પહેલાં જ ઓન-લાઈન બુકીંગનો સ્લોટ ઓપન થાય છે અને જેવો ખુલે તેવું તુરંત જ તેનું રજીસ્ટ્રેશન www.maakamakhya.org ઉપરથી જાતે કરાવવાનું રહેશે જેનો ચાર્જ ૧ વ્યક્તિ દીઠ રૂા. ૫૦૧/- હોય છે તેમાં આશરે ૩ થી ૪ કલાકનો સમય લાગશે જ્યારે વિના મૂલ્યે દર્શન માટે આશરે ૬ થી ૮ કલાકથી વધુ સમય લાગે છે. મંદિર અંગેની તમામ ઓફિશીયલ લેટેસ્ટ અપડેટ આપને ઉપરોક્ત વેબસાઈટ ઉપરથી મળશે. કામાખ્યા મંદિર સાંજે ૫-૦૦ કલાકે બંધ થઈ જતું હોય છે. કોઈપણ સંજોગોવસાત જો કામાખ્યા મંદિરનાં ગર્ભગૃહમાં જો દર્શન થઈ શકે નહીં તો શ્રદ્ધાપૂર્વક મંદિરની પરિક્રમા કરીને ભાવનાત્મક દર્શન કરી લેવાં, પરંતુ મંદિરમાં દર્શન અંગે અમારી કંપનીની કોઈ જવાબદારી કે વ્યવસ્થા રહેશે નહીં,	ગુવાહાટી (D.)
2	**દિવસ-૨-૩ અને ૪ માટે ખાસ સુચના** : શિલોંગની આસપાસનાં સમગ્ર રૂટ ઉપર રસ્તાઓ પહોળા કરવાનું કામ ચાલતું હોવાથી ભરચક ટ્રાફીક જામ રહે છે તેમજ અંધારૂં વહેલું સાંજે ૪ કલાકે થઈ જતું હોવાથી પ્રવાસીઓએ ઝડપથી સાઈટસીન પુરા કરવા પડશે નહીંતર અમુક સ્થળ બંધ થઈ જશે અથવા ચુકી જશો તે અંગે કંપની જવાબદારી રહેશે નહીં. સવારે ચા-નાસ્તા બાદ લગેજ ચેક-આઉટ કરીને ગુવાહાટીનાં ઉમાનંદા મંદિરમાં ભોલેનાથનાં દર્શન માટે બોટ દ્વારા પ્રયાણ. દર્શન બાદ લંચ માટે હોટલ પરત. લંચ બાદ તુરંત જ ગુવાહાટીથી શિલોંગ જવા પ્રયાણ. રસ્તામાં ઉમિયમ લેકની સાંજે ૪ કલાક પહેલાં મુલાકાત બાદ શિલોંગની હોટલમાં ચેક-ઈન.	શિલોંગ (B.L.D.)
3	આજ માટે દિવસ-૨ ની ખાસ સુચના અચુક ફરીથી વાંચી લેવી : ચા-નાસ્તા બાદ સવારે ૭-૩૦ કલાકે શિલોંગથી ચેરાપુંજી (સોહરા) જવા રવાના. રસ્તામાં એલીફન્ટ વોટર ફોલ, માઉડોક વ્યુ પોઈન્ટ, નોહકાલિકાઈ વોટર ફોલ્સ, મૌસમાઈ કેવ, સેવન સિસ્ટર (નોહસંગીથ્યાંગ) વોટર ફોલની મુલાકાત બાદ ઈકો પાર્કની મુલાકાત લઈને શિલોંગ પરત. (સૌ પ્રવાસીઓએ સવારે ૭-૩૦ કલાકે હોટલથી અચુક પ્રસ્થાન કરવું.)	શિલોંગ (B.L.D.)
4	ચા-નાસ્તા બાદ સવારે ૭-૩૦ કલાકે શિલોંગથી લેઈટલુમ કેન્યોન જવા રવાના (આશરે ૨૫ કીમી./૧ કલાક) ત્યારબાદ શિલોંગનાં લોકલ સાઈટસીન જેવાં કે ડોન બોસ્કો સેન્ટર ફોર ઈન્ડીજીનસ કલ્ચર મ્યુઝીયમ, કેથેડ્રલ ઓફ મેરી ચર્ચ, વર્ડસ લેક (મંગળવારે બંધ) લેડી હૈદરી પાર્ક (સોમવારે બંધ) ની મુલાકાત લઈને હોટલ પરત અને આરામ.	શિલોંગ (B.L.D.)
5	ચા-નાસ્તા બાદ સવારે ૭-૩૦ કલાકે શિલોંગથી કાઝીરંગા નેશનલ પાર્ક જવા પ્રયાણ, સાંજે કાઝીરંગાની હોટલમાં ચેક-ઈન અને આરામ.	કાઝીરંગા (B.L.D.)
6	કાઝીરંગા નેશનલ પાર્કમાં એલીફન્ટ રાઈડનાં વૈકલ્પિક પેકેજ માટે સવારે ૪ કલાકે ફક્ત એડ્‌વાન્સમાં બુકીંગ કરાવડાવેલ પ્રવાસીઓએ પ્રયાણ કરવાનું રહેશે અને ત્યારબાદ ચા-નાસ્તા બાદ ૧૦-૦૦ કલાકે સૌ પ્રવાસીઓ ઓર્ચીડ પાર્કની મુલાકાત લેશે જેમાં જુદા-જુદા ઓર્ચીડ પ્લાન્ટેશનની માહીતી અને આસામી કલ્ચરલ પ્રોગ્રામ (બીહુ ડાન્સ)નો આનંદ કરીને ટી ગાર્ડન અને ટી આઉટલેટની મુલાકાત લઈને લંચ માટે પરત. લંચ બાદ તુરંત જ કાઝીરંગા નેશનલ પાર્કમાં ૨ કલાકની જીપ સફારીનો અદ્‌ભુત આનંદ જેમાં હાથી, હરણ, ગેંડા અને જંગલી ભેંસ જેવા પ્રાણીઓનો કુદરતી વાતાવરણમાં જોવાનો અદ્‌ભુત નજારો માણીને હોટલ પરત.	કાઝીરંગા (B.L.D.)
7	ચા-નાસ્તા બાદ સવારે ૭-૦૦ કલાકે કાઝીરંગા નેશનલ પાર્કથી ગુવાહાટી એરપોર્ટ અથવા રેલ્વે સ્ટેશને ડ્રોપીંગ સાથે ટુર સમાપ્ત.	ટુર સમાપ્ત (B.)

ફલાઈટોનાં સમયમાં થતાં અચાનક ફેરફાર તેમજ રીશીડ્યુલીંગ અથવા કેન્સલેશનનાં કારણે તેમજ ટ્રાફીકની ગીચતા/જામનાં કારણે જો કોઈપણ સ્થળે સમયસર પહોંચી શકાય નહીં અને ચુકી જવાય તો તે અંગે અમારી કંપનીની કોઈ જવાબદારી રહેશે નહીં.

પ્રવાસ-૧ અને ૨ ની કિંમતમાં કોઈપણ એન્ટ્રી ટિકીટ, બોટ ટિકીટ, મંદિર માં સ્પેશીયલ દર્શન, રાજ્યની પરમીટ ફી, જુદી-જુદી રાઈડો/સફારી તથા અન્ય એક્સ્ટ્રા ખર્ચનો સમાવેશ કરેલ નથી જે સ્વમેળે અને સ્વખર્ચે રહેશે. લેટેસ્ટ પ્રવાસ કિંમતની જાણકારી માટે અલગ પત્રિકા જોવા માટે નમ્ર વિનંતી છે.

TOUR-2 આસામ-મેઘાલય-અરૂણાચલ (ગુવાહાટી-શિલોંગ-કાઝીરંગા-દિરાંગ-તવાંગ) ૧૨ રાત્રિ - ૧૩ દિવસ

દિ.	દૈનિક પ્રોગ્રામની અંદાજીત રૂપરેખા (EX. Guwahati)	રાત્રિ રોકાણ
1	ગુવાહાટી એરપોર્ટ આગમન બાદ હોટલ જવા પ્રયાણ. હોટલમાં ચેક-ઈન અને સમયની અનુકુળતા મુજબ કંપનીનાં વાહન દ્વારા ગુવાહાટીનાં વિશ્વવિખ્યાત કામાખ્યા શક્તિપીઠ મંદિરમાં દર્શન કરીને હોટલ પરત, રાત્રે ડીનર કર્યા બાદ આરામ. કામાખ્યા મંદિરમાં વી.આઈ.પી. દર્શન માટે પ્રવાસીઓએ દર્શનની તારીખનાં ૭ દિવસ પહેલાં જ ઓન-લાઈન બુકીંગનો સ્લોટ ઓપન થાય છે અને જેવો ખુલે તેવું તુરંત જ તેનું રજીસ્ટ્રેશન www.maakamakhya.org ઉપરથી જાતે કરાવવાનું રહેશે જેનો ચાર્જ ૧ વ્યક્તિ દીઠ રૂા. ૫૦૧/- હોય છે તેમાં આશરે ૩ થી ૪ કલાકનો સમય લાગશે જ્યારે વિના મૂલ્યે દર્શન માટે આશરે ૬ થી ૮ કલાકથી વધુ સમય લાગે છે. મંદિર અંગેની તમામ ઓફિશીયલ લેટેસ્ટ અપડેટ આપને ઉપરોક્ત વેબસાઈટ ઉપરથી મળશે. કામાખ્યા મંદિર સાંજે ૫-૦૦ કલાકે બંધ થઈ જતું હોય છે. કોઈપણ સંજોગોવસાત જો કામાખ્યા મંદિરનાં ગર્ભગૃહમાં જો દર્શન થઈ શકે નહીં તો શ્રદ્ધાપૂર્વક મંદિરની પરિક્રમા કરીને ભાવનાત્મક દર્શન કરી લેવાં, પરંતુ મંદિરમાં દર્શન અંગે અમારી કંપનીની કોઈ જવાબદારી કે વ્યવસ્થા રહેશે નહીં,	ગુવાહાટી (D.)
2	**દિવસ-૨-૩ અને ૪ માટે ખાસ સુચના** : શિલોંગની આસપાસનાં સમગ્ર રૂટ ઉપર રસ્તાઓ પહોળા કરવાનું કામ ચાલતું હોવાથી ભરચક ટ્રાફીક જામ રહે છે તેમજ અંધારૂં વહેલું સાંજે ૪ કલાકે થઈ જતું હોવાથી પ્રવાસીઓએ ઝડપથી સાઈટસીન પુરા કરવા પડશે નહીંતર અમુક સ્થળ બંધ થઈ જશે અથવા ચુકી જશો તે અંગે કંપની જવાબદારી રહેશે નહીં. સવારે ચા-નાસ્તા બાદ લગેજ ચેક-આઉટ કરીને ગુવાહાટીનાં ઉમાનંદા મંદિરમાં ભોલેનાથનાં દર્શન માટે બોટ દ્વારા પ્રયાણ. દર્શન બાદ લંચ માટે હોટલ પરત. લંચ બાદ તુરંત જ ગુવાહાટીથી શિલોંગ જવા પ્રયાણ. રસ્તામાં ઉમિયમ લેકની સાંજે ૪ કલાક પહેલાં મુલાકાત બાદ શિલોંગની હોટલમાં ચેક-ઈન.	શિલોંગ (B.L.D.)
3	આજ માટે દિવસ-૨ ની ખાસ સુચના અચુક ફરીથી વાંચી લેવી : ચા-નાસ્તા બાદ સવારે ૭-૩૦ કલાકે શિલોંગથી ચેરાપુંજી (સોહરા) જવા રવાના. રસ્તામાં એલીફન્ટ વોટર ફોલ, માઉડોક વ્યુ પોઈન્ટ, નોહકાલિકાઈ વોટર ફોલ્સ, મૌસમાઈ કેવ, સેવન સિસ્ટર (નોહસંગીથ્યાંગ) વોટર ફોલની મુલાકાત બાદ ઈકો પાર્કની મુલાકાત લઈને શિલોંગ પરત. (સૌ પ્રવાસીઓએ સવારે ૭-૩૦ કલાકે હોટલથી અચુક પ્રસ્થાન કરવું.)	શિલોંગ (B.L.D.)
4	ચા-નાસ્તા બાદ સવારે ૭-૩૦ કલાકે શિલોંગથી લેઈટલુમ કેન્યોન જવા રવાના (આશરે ૨૫ કીમી./૧ કલાક) ત્યારબાદ શિલોંગનાં લોકલ સાઈટસીન જેવાં કે ડોન બોસ્કો સેન્ટર ફોર ઈન્ડીજીનસ કલ્ચર મ્યુઝીયમ, કેથેડ્રલ ઓફ મેરી ચર્ચ, વર્ડ્સ લેક (મંગળવારે બંધ) લેડી હૈદરી પાર્ક (સોમવારે બંધ) ની મુલાકાત લઈને હોટલ પરત અને આરામ.	શિલોંગ (B.L.D.)
5	ચા-નાસ્તા બાદ સવારે ૭-૩૦ કલાકે શિલોંગથી કાઝીરંગા નેશનલ પાર્ક જવા પ્રયાણ, સાંજે કાઝીરંગાની હોટલમાં આરામ.	કાઝીરંગા (B.L.D.)
6	કાઝીરંગા નેશનલ પાર્કમાં એલીફન્ટ રાઈડનાં વૈકલ્પિક પેકેજ માટે સવારે ૪ કલાકે ફક્ત એડ્વાન્સમાં બુકીંગ કરાવડાવેલ પ્રવાસીઓએ પ્રયાણ કરવાનું રહેશે અને ત્યારબાદ ચા-નાસ્તા બાદ ૧૦-૦૦ કલાકે સૌ પ્રવાસીઓ ઓર્ચીડ પાર્કની મુલાકાત લેશે જેમાં જુદા-જુદા ઓર્ચીડ પ્લાન્ટેશનની માહીતી અને આસામી કલ્ચરલ પ્રોગ્રામ (બીહુ ડાન્સ)નો આનંદ કરીને ટી ગાર્ડન અને ટી આઉટલેટની મુલાકાત લઈને લંચ માટે પરત. લંચ બાદ તુરંત જ કાઝીરંગા નેશનલ પાર્કમાં ૨ કલાકની જીપ સફારીનો અદ્ભુત આનંદ જેમાં હાથી, હરણ, ગેંડા અને જંગલી ભેંસ જેવા પ્રાણીઓનો કુદરતી વાતાવરણમાં જોવાનો અદ્ભુત નજારો માણીને હોટલ પરત.	કાઝીરંગા (B.L.D.)
7	ચા-નાસ્તા બાદ સવારે ૭-૩૦ કલાકે કાઝીરંગાથી દિરાંગ તરફ (અરૂણાચલ) જવા પ્રયાણ. ભાલુકપોંગ પાસે આસામ તથા અરૂણાચલની બોર્ડરનું ચેક-પોસ્ટ આવેલું છે, અરૂણાચલમાં પ્રવેશ માટે ઈનર લાઈન પરમીટ કઢાવવી ફરજીયાત છે, પ્રવાસીનાં બે ફોટા અને ઓરીજીનલ આધાર કાર્ડ તેમજ તેની કોપી એડવાન્સમાં રજુ કરવા પડે છે. ભાલુકપોંગ બાદ અરૂણાચલ રાજ્યનો પહાડી રસ્તો શરૂ થાય છે તેમજ રસ્તામાં અનેક વોટર ફોલ્સનાં સુંદર લોકેશનો તેમજ દુર્ગા માતા મંદિર, નાગ મંદિર, બોલ ઓફ ફાયર આર્મી મ્યુઝીયમ (ટેન્ગા)ની મુલાકાત બાદ હોટલમાં રૂમોની ઉપલબ્ધી મુજબ રૂપા/બોમડીલા/દિરાંગ આગમન અને આરામ.	રૂપા બોમડીલા દિરાંગ (B.L.D.)
8	ચા-નાસ્તા બાદ ૭-૩૦ કલાકે તવાંગ જવા પ્રયાણ. સમય તેમજ કુદરતી વાતાવરણની અનુકુળતા મુજબ જતાં અથવા રીટર્ન જતી વખતે નીચેનાં સાઈટસીન કરાવવામાં આવશે, જેમાં ૧૩૦૦૦ ફુટ ઉપર આવેલાં સેલા ટનલ, સેલ્ફી પોઈન્ટ, જંગ વોટર ફોલની મુલાકાત બાદ તવાંગની ઓલ્ડ મોનેસ્ટ્રીની મુલાકાત લઈને હોટલમાં ચેક-ઈન અને આરામ.	તવાંગ (B.L.D.)
9	ચા-નાસ્તા બાદ સવારે ૭-૩૦ કલાકે તવાંગથી આશરે ૩૫ કી.મી. દુર ભારત-ચાઈના બોર્ડર ઉપર ૧૫૨૦૦ ફુટની ઉંચાઈ ઉપર આવેલાં બુમલાપાસની વૈકલ્પિક મુલાકાત માટે પ્રયાણ. અહીં જવા માટે તવાંગનું સ્થાનિક વાહન એક્સ્ટ્રા કિંમત ચુકવીને ફરજીયાત લેવું પડે છે તેમજ બે દિવસ પહેલાં પ્રવાસીઓએ સ્પેશીયલ પરમીટ કઢાવવી પડે છે. અહીં ઓક્સિજનનું પ્રમાણ ઓછું હોવાથી ૬૦ વર્ષથી ઉપરનાં વ્યક્તિઓએ પોતાની ફીટનેસ અને સેલ્ફ રીસ્ક માટેનું ફરજીયાત અન્ડરટેકીંગ આપવું પડે છે. અસ્થમા અને શ્વાસનાં દર્દીઓએ અહીં જવું જ નહીં. અહીં શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય છે, જેથી મીની ઓક્સિજન સીલીન્ડર અને કપુર સાથે રાખવું હિતાવહ છે. સૌ પ્રથમ સુંદર સંગેસ્ટર લેક (માધુરી લેક)મુલાકાત લઈને બુમલાપાસ આગમન. અહીં બોર્ડર ઉપર તૈનાત ઈન્ડીયન આર્મીનાં જવાનો આ બોર્ડર અંગે માહિતી આપે છે. બુમલાપાસની મુલાકાત બાદ લંચ માટે હોટલ પરત અને સાંજે સ્વખર્ચે તવાંગ વોર મેમોરીયલ પાસે સ્થાનિક કલ્ચરલ શો બાદ ભારત-ચાઈના વચ્ચે ૧૯૬૨માં થયેલાં યુદ્ધની ડોક્યુમેન્ટ્રી ફ્રૂપે લેઝર એન્ડ સાઉન્ડ શો માણીને હોટલ પરત.	તવાંગ (B.L.D.)
10	ચા-નાસ્તા બાદ સવારે ૭-૩૦ કલાકે હોટલ ચેક-આઉટ કરીને તવાંગમાં જાયન્ટ બુદ્ધા સ્ટેચ્યુની મુલાકાત લઈને તવાંગથી દિરાંગ જવા પ્રયાણ. રસ્તામાં જસવંતગઢ વોર મેમોરીયલ તથા બાકી રહી ગયેલાં સાઈટસીન (કુદરતી વાતાવરણ અને સમયની અનુકુળતા મુજબ) દિરાંગ મોનેસ્ટ્રીની મુલાકાત બાદ હોટલમાં રૂમોની ઉપલબ્ધી મુજબ દીરાંગ/બોમડીલા/રૂપા આગમન.	દિરાંગ બોમડીલા/રૂપા (B.L.D.)
11	સવારે ચા-નાસ્તા બાદ દીરાંગથી તેજપુર (આશરે ૧૧૫ કી.મી./૪ કલાક)જવા પ્રયાણ. તેજપુરમાં આરામ અને રાત્રી રોકાણ	તેજપુર (B.L.D.)
12	ચા-નાસ્તા બાદ સવારે ૭-૩૦ કલાકે ગુવાહાટી જવા પ્રયાણ. (આશરે ૧૯૦ કી.મી./૪ કલાક) ગુવાહાટી આગમન અને આરામ.	ગુવાહાટી (B.L.D.)
13	ચા-નાસ્તા બાદ હોટલ ચેક-આઉટ કરીને કોમન વાહન દ્વારા ગુવાહાટી એરપોર્ટ/સ્ટેશને કોમ્પ્લીમેન્ટ્રી અને કોમન ડ્રોપીંગ.	ટુર સમાપ્ત (B.)

દિરાંગ, તવાંગ અને બોમડીલામાં બજેટ કેટેગરી હોટલ/હોમ સ્ટે રેહશે.

પ્રવાસ અંગે વિસ્તૃત માહિતી મેળવવા માટે અમારી પ્રિ-બુકીંગ ઈન્ફોર્મેશન પત્રિકા અચુક વાંચવી અને ત્યારબાદ જ બુકીંગ કરાવવુ.

GROUP TOUR COST

(Ex. GUWAHATI AIRPORT / RLY. STN.)

TOUR-1 આસામ-મેઘાલય (ગુવાહાટી-શિલોંગ-કાઝીરંગા) (7 Days - 6 Nights)

TOUR DATES ગુવાહાટી પહોંચવાની તારીખ		
	2026	Oct.: 1-8-15-22-29 | Nov.: 2-3-4-5-6-7-8-9-10-11-12-13-14-15-19-26 | Dec.: 3-10-17-24-31
	2027	Jan.: 7-14-21-28 | Feb.: 4-11-18-25 | Mar.: 4-7-10-13-16-19-22-25-28-31 Apr.: 3-6-9-12-15-18-21-24-27-30 | May : 3-6-9-12-15-18-21-24-27-30 | Jun.: 2-5

બે બેડના એક રૂમમાં ૪ વ્યક્તિ રહેશે તો	બે બેડના એક રૂમમાં ૩ વ્યક્તિ રહેશે તો	બે બેડના એક રૂમમાં ૨ વ્યક્તિ રહેશે તો	અડધી ટીકીટ ૧ બાળક દીઠ ૩ થી ૧૧ વર્ષ
IN SHARING TEMPO TRAVELLER	IN SHARING TEMPO TRAVELLER	IN SHARING TEMPO TRAVELLER	IN SHARING TEMPO TRAVELLER
₹ 39,499/- ૧ વ્યક્તિ દીઠ ૧ એક્સ્ટ્રા મેટ્રેસ (૩ વ્યક્તિ + ૧ બાળક ૩ થી ૧૦ વર્ષ)	₹ 41,499/- ૧ વ્યક્તિ દીઠ ૧ રૂમ દીઠ ૧ એક્સ્ટ્રા મેટ્રેસ	₹ 45,499/- ૧ વ્યક્તિ દીઠ	₹ 28,499/- ૧ બાળક દીઠ એક્સ્ટ્રા મેટ્રેસ વગર
બે બેડના એક રૂમમાં ૪ વ્યક્તિ રહેશે તો	**બે બેડના એક રૂમમાં ૩ વ્યક્તિ રહેશે તો**	**બે બેડના એક રૂમમાં ૨ વ્યક્તિ રહેશે તો**	**અડધી ટીકીટ ૧ બાળક દીઠ ૩ થી ૧૧ વર્ષ**
IN SHARING INNOVA CRYSTA	IN SHARING INNOVA CRYSTA	IN SHARING INNOVA CRYSTA	IN SHARING INNOVA CRYSTA
₹ 44,499/- ૧ વ્યક્તિ દીઠ ૧ એક્સ્ટ્રા મેટ્રેસ (૩ વ્યક્તિ + ૧ બાળક ૩ થી ૧૦ વર્ષ)	₹ 46,499/- ૧ વ્યક્તિ દીઠ ૧ રૂમ દીઠ ૧ એક્સ્ટ્રા મેટ્રેસ	₹ 50,499/- ૧ વ્યક્તિ દીઠ	₹ 33,499/- ૧ બાળક દીઠ એક્સ્ટ્રા મેટ્રેસ વગર

+ GST EXTRA AS PER APPLICABLE (NON REFUNDABLE) + AIR OR RAIL TICKETS EXTRA FOR ALL TOUR PACKAGES

TOUR-2 આસામ-મેઘાલય-અરૂણાચલ (ગુવાહાટી-શિલોંગ-કાઝીરંગા-દિરાંગ-તવાંગ) (13 Days - 12 Nights)

બે બેડના એક રૂમમાં ૪ વ્યક્તિ રહેશે તો	બે બેડના એક રૂમમાં ૩ વ્યક્તિ રહેશે તો	બે બેડના એક રૂમમાં ૨ વ્યક્તિ રહેશે તો	અડધી ટીકીટ ૧ બાળક દીઠ ૩ થી ૧૧ વર્ષ
IN SHARING TEMPO TRAVELLER	IN SHARING TEMPO TRAVELLER	IN SHARING TEMPO TRAVELLER	IN SHARING TEMPO TRAVELLER
₹ 56,499/- ૧ વ્યક્તિ દીઠ ૧ એક્સ્ટ્રા મેટ્રેસ (૩ વ્યક્તિ + ૧ બાળક ૩ થી ૧૦ વર્ષ)	₹ 61,499/- ૧ વ્યક્તિ દીઠ ૧ રૂમ દીઠ ૧ એક્સ્ટ્રા મેટ્રેસ	₹ 63,499/- ૧ વ્યક્તિ દીઠ	₹ 38,499/- ૧ બાળક દીઠ એક્સ્ટ્રા મેટ્રેસ વગર
બે બેડના એક રૂમમાં ૪ વ્યક્તિ રહેશે તો	**બે બેડના એક રૂમમાં ૩ વ્યક્તિ રહેશે તો**	**બે બેડના એક રૂમમાં ૨ વ્યક્તિ રહેશે તો**	**અડધી ટીકીટ ૧ બાળક દીઠ ૩ થી ૧૧ વર્ષ**
IN SHARING INNOVA CRYSTA	IN SHARING INNOVA CRYSTA	IN SHARING INNOVA CRYSTA	IN SHARING INNOVA CRYSTA
₹ 66,499/- ૧ વ્યક્તિ દીઠ ૧ એક્સ્ટ્રા મેટ્રેસ (૩ વ્યક્તિ + ૧ બાળક ૩ થી ૧૦ વર્ષ)	₹ 71,499/- ૧ વ્યક્તિ દીઠ ૧ રૂમ દીઠ ૧ એક્સ્ટ્રા મેટ્રેસ	₹ 73,499/- ૧ વ્યક્તિ દીઠ	₹ 48,499/- ૧ બાળક દીઠ એક્સ્ટ્રા મેટ્રેસ વગર

+ GST EXTRA AS PER APPLICABLE (NON REFUNDABLE) + AIR OR RAIL TICKETS EXTRA FOR ALL TOUR PACKAGES

ALL TOUR COST MENTIONED IN THIS SHEET IS VALID FOR ONLY INDIAN RESIDENTS, NRI CHARGES ARE EXTRA

અરબાનીયા વાહન કરવા માટેનો તફાવત : ઉપરોક્ત તમામ પ્રવાસો દરમ્યાન પ્રવાસીઓને આરામદાયક અને મોકળાશભરી રીતે મુસાફરી કરવી હોય તો આપનાં ફેમિલી/ગ્રુપ (મિનિમમ ૧૨ વ્યક્તિ) માટે લક્ઝુરીયસ સગવડોવાળું અરબાનીયા વાહન કરવા માટે ૬ રાત્રિ અને ૭ દિવસનાં પ્રવાસમાં ૧ વ્યક્તિ દીઠ તફાવતની રૂા.૨૫૦૦/- અને ૧૨ રાત્રિ અને ૧૩ દિવસનાં પ્રવાસમાં ૧ વ્યક્તિ દીઠ રૂા.૫૫૦૦/- એક્સ્ટ્રા પુરેપરી રકમ બુકીંગ કરાવતી વખતે જ અમને એડવાન્સમાં ચુકવવાની રહેશે, પરંતુ જો ૧૨ કરતાં ઓછી સંખ્યા થશે તો રૂપિયા પરત કરીને ટેમ્પો ટ્રાવેલર્સ જ આપવામાં આવશે. ટેમ્પો ટ્રાવેલર્સમાં પ્રવાસ શરૂ થયાં પછી અરબાનીયા વાહન આપી શકાશે નહીં, જેમને ઈનોવા ક્રીસ્ટા કરવી હોય તેની કિંમત ઉપર જણાવેલ છે.

જ્યારે પ્રવાસી ટુર બુકીંગ કરાવે છે ત્યારે તેમનાં પરિવારને સારી અને સમયસર સગવડો મળી રહે તે માટે અમે પણ અગાઉથી હોટલ બુકીંગ, વાહન બુકીંગ સારા રસોડા સ્ટાફ અને સારા ટુર મેનેજરને એડવાન્સમાં રકમ આપીને બુકીંગ કરાવતાં હોઈએ છીએ, પરંતુ છેલ્લાં સમયે કોઈપણ કુદરતી, સામાજીક અથવા માનવ સર્જીત અને અચાનક ઉભા થયેલાં અસામાન્ય અને મુશ્કેલ સંજોગો જેવા કે પુર, ધરતીકંપ, વાદળ ફાટવું, ભુસ્ખલન, રાજકીય અસ્થિરતા, બંધ, હડતાળ, તોફાનો, આતંકવાદી હુમલો, ટ્રેન કે ફ્લાઈટ રીશીડ્યુલ થવી કે કેન્સલ થવી કે માંદગી, સ્વજનનું અવસાન અથવા તાજેતરમાં ઉદ્‌ભવેલ કોરોના જેવી મહામારીના કારણે કે જેને આપણે સામાન્ય શબ્દોમાં "ACT OF GOD" જેવાં અન્ય કોઈપણ કારણસર જો ટુર રદ થશે અથવા રદ કરવી પડે તેવી પરિસ્થિતમાં અમને પણ આગળ એડવાન્સમાં ચુકવેલાં નાણાં, જાહેરાત, સ્ટાફનાં પગાર અને ઓફિસ ખર્ચનાં નાણાં પરત મળતાં નથી તેવાં સંજોગોમાં ૧ પ્રવાસી દીઠ રૂા.૩૦૦૦/- એડમીન્સ્ટ્રેશન ખર્ચ બાદ કરીને બાકી રહેલાં રૂપિયાની ક્રેડીટ નોટ જ આપવામાં આવશે. આ ક્રેડીટ નોટ ૧ વર્ષ સુધી વેલીડ ગણવામાં આવશે જેનાં દ્વારા પ્રવાસી અમારા અન્ય કોઈપણ પ્રવાસમાં જોડાઈ શકે છે, તે માટે ચિંતા કરશો નહીં...

All Legal Matters Subject to Ahmedabad Jurisdictions

કોઈની પણ ઓછી કિંમતની રીલ જોઈને લલચાશો નહીં... ત્યાંની રીયાલીટીને બરોબર સમજો અને પછીથી જ બુકીંગ કરાવડાવો...

ગ્રુપ ટુર દરમ્યાન આપને મળવા પાત્ર સગવડો.. તેની સહેજ પણ ચિંતા કરવી જ નહીં..!!

હોટલ વ્યવસ્થા ગુવાહાટી અને શિલોંગની દરેક હોટલોમાં મોટા ભાગે ટ્વીન શેરીંગ (બે અલગ બેડ) મુજબ જ રૂમ હોય છે રૂમ હોય છે તેથી ત્યાં પહોંચ્યાં બાદ ડબલ બેડવાળા રૂમની માંગણી કરવી નહીં. પ્રવાસીઓએ પસંદ કરેલાં પેકેજ મુજબ પ્રિમિયમ ટુર માટે ૩ સ્ટાર સમકક્ષ સગવડો ધરાવતી અને ડિલક્ષ ટુર માટે ડીલક્ષ કેટેગરીની હોટલ/હોમ સ્ટેમાં એટેચ ટોયલેટ સાથેના બે બેડનાં એક રૂમમાં રાત્રી રોકાણ રહેશે. જે પ્રવાસીઓએ ૧ ડબલ બેડ રૂમમાં ૪ વ્યક્તિ મુજબ બુકીંગ કરાવેલ હશે તો રૂમમાં સંકડાશ તો પડશે જ જેમાં ૩ વ્યક્તિઓએ ડબલ બેડ ઉપર જ સુવાનું રહેશે તથા ચોથી વ્યક્તિ માટે ફક્ત ૧ એક્સ્ટ્રા મેટ્રેસ જમીન ઉપર પાથરી આપવામાં આવશે, તેથી બીજો રૂમ લેવા માટે સમજીને અહીંથી જ યોગ્ય નિર્ણય લેવો, ત્યાં ગયા બાદ જો તે હોટલમાં રૂમ ઉપલબ્ધ નહીં હોય તો અન્ય હોટલમાં સ્વખર્ચે રૂમ લેવો પડશે.

તમામ સિનિયર સિટીઝનોએ ખાસ નોંધ લેવી કે ગુવાહાટી અને કાઝીરંગા સિવાય આ સમગ્ર વિસ્તાર પહાડી હોવાનાં કારણે અહીં મોટાં ભાગની હોટલમાં લીફ્ટની સગવડ હોતી નથી તેથી માફ કરજો જ્યાં લીફ્ટની સગવડ હોય નહીં ત્યાં સિનિયર સિટીઝનોએ પણ બે માળ ચઢવા અથવા ઉતરવા જ પડશે. અમુક સ્થળોએ ડીલક્ષ ટુરની અમુક હોટલોનાં રૂમમાં એ.સી., રૂમ હીટર તેમજ લીફ્ટ હોતા નથી. દરેક હોટલમાં તેનાં મેનેજમેન્ટ દ્વારા નાના-મોટા તમામ રૂમની ફાળવણી કરવામાં આવતી હોય છે, એટલે કોઈ પ્રવાસીને તેમનાં નસીબે મોટો રૂમ મળ્યો હોય તો અન્ય પ્રવાસીએ દુ:ખી થવું નહીં. અચાનક લેન્ડસ્લાઈડ, હડતાલ અથવા અન્ય આકસ્મિક કારણોસર તેમજ ભારે ધસારાનાં કારણે બ્રોશરમાં દર્શાવેલ સ્થળે હોટલ મળી શકે નહીં તો અન્ય વૈકલ્પિક સ્થળે હોટલ આપવામાં આવશે અથવા તો રૂટનાં ક્રમમાં તેમજ રાત્રી રોકાણનાં સ્થળમાં ફેરફાર કરવામાં આવશે જેની એક્સ્ટ્રા કિંમત ચુકવવાની રહેશે.

વાહન વ્યવસ્થા અમારા પ્રવાસન વ્યવસાયમાં ખૂબ જ હરીફાઈઓ ચાલી રહી છે, એટલે અમે તેમજ મોટા ભાગનાં દરેક ટુર ઓપરેટરો ઓછી કિંમત જાળવી રાખવા માટે ટેમ્પો ટ્રાવેલર્સ જ આપે છે. ગ્રુપ ટુર માટે પુરતી સંખ્યા હોય તો જ ૧૭ કે ૨૬ સીટર ટેમ્પો ટ્રાવેલર્સ શેરીંગમાં આપતાં હોય છે, જેમાં છેલ્લી સીટ નોન પુશબેક રહેશે, પરંતુ પ્રવાસી મિત્રો, શાંતિથી બે વખત વિચારજો અને ત્યારબાદ જ આપનાં વાહનની પસંદગી કરજો, એક તરફ ઓછા રૂપિયા છે તો ટેમ્પો ટ્રાવેલર્સમાં થોડીક અગવડો પણ પડશે. ટેમ્પો ટ્રાવેલર્સમાં દરેક પ્રવાસીઓએ શેરીંગ સીટ અને રોટેશન મુજબ બેસવાનું રહેશે. આ રૂટ ઉપર ખૂબ જ લાંબી મુસાફરી ઉપરાંત વાંકાચુકા અને ઉબડ-ખાબડ પહાડી રસ્તાઓ ઉપર મુસાફરી કરવાની હોય છે અને ટેમ્પો ટ્રાવેલર્સની સીટોની સ્ટાન્ડર્ડ ડીઝાઈન જે કંપની ફીટેડ હોય છે અને તેમાં લેગ સ્પેસ પણ ઓછી હોય છે તેથી ટેમ્પો ટ્રાવેલર્સ મોટા ભાગનાં પ્રવાસીઓને બે દિવસ બાદ અનુકુળ આવતી નથી અને અમારા માટે પણ તેને અડધેથી બદલવી શક્ય નથી જ, એટલે સૌ પ્રવાસીઓને ખાસ વિનંતી કરવાની કે આપનું જો મોટું ગ્રુપ હોય અને આર્થિક રીતે અન્ય કોઈ તકલીફ ના હોય તો મારી સ્પષ્ટ સલાહ મુજબ આરામદાયક મુસાફરી માટે ટેમ્પો ટ્રાવેલર્સનાં બદલે આપનાં ગ્રુપ માટે થોડીક વધુ રકમ ચુકવીને અલગ અરબાનીયા વાહન કરવા માટે અમને બુકીંગ કરાવતી વખતે જ પહેલેથી જણાવજો અને તેનાંથી પણ વધુ આરામદાયક અને આનંદદાયક મુસાફરીની સાથે કુદરતને સંપૂર્ણ રીતે માણવી હોય તો આપનાં ૪ વ્યક્તિનાં ફેમિલી માટે ઈનોવા ક્રિસ્ટા, અર્ટીગા અથવા ૩ વ્યક્તિ માટે સેડાન કાર કરવી આપને માટે વધુ આરામદાયક અને આનંદદાયક રહેશે, જેનાં દ્વારા આપ સંપૂર્ણ પ્રાઈવસી અને કમ્ફર્ટ સાથે રસ્તામાં આવતાં સુંદર લોકેશનોની વારંવાર ફોટોગ્રાફી કરીને પ્રવાસની ખૂબ જ મજા માણી શકશો.

સ્થાનિક ટેક્ષી યુનિયનનાં નિયમ મુજબ કાઝીરંગામાં જીપ સફારી તેમજ તવાંગથી બુમલાપાસ ઈન્ડો-ચાઈના બોર્ડર જવા માટે યુનિયનનાં વાહનો સ્વખર્ચે ફરજીયાત કરવા પડતાં હોય છે જેમાં ૧ વાહન દીઠ ૬ પ્રવાસીઓએ ફરજીયાત બેસવું પડે છે તેમજ પરમીટ મેળવવા માટે આધાર કાર્ડ અને ફોટા પણ આપવા પડે છે. અમારી પ્રવાસ કિંમતમાં કોઈપણ એન્ટ્રી ટિકીટ, બોટ ટિકીટ, મંદિરમાં સ્પેશીયલ દર્શન, રાજ્યની પરમીટ ફી, જુદી-જુદી રાઈડો/સફારી તથા અન્ય એક્સ્ટ્રા ખર્ચનો સમાવેશ કરેલ નથી જે સ્વમેળે અને સ્વખર્ચે રહેશે. સંજોગો વસાત પ્રવાસીઓનાં ભારે ધસારાનાં કારણે નક્કી કરેલ વાહન જો મળી શકે નહીં તો અપગ્રેડ વાહન (ઈનોવા ક્રિસ્ટા) માટે વધારાની રકમ પ્રવાસીઓ મન દુ:ખ કર્યા વગર ચુકવવાની રહેશે. વાહનમાં પંક્ચર પડવું, એ.સી. બગડવું કે અન્ય કોઈપણ ટેકનિકલ પ્રોબ્લેમ અચાનક ઉભા થાય તો તેનાં રીપેરીંગ સુધી થોડીક ધીરજ રાખવા વિનંતી છે, તેનું કોઈપણ પ્રકારનું રીફંડ મળશે નહીં.

ભોજન વ્યવસ્થા અમારા રસોડાંઓ આ રૂટ ઉપર પણ ગોઠવાઈ ચુક્યાં છે, જેમાં આપણાં ગુજરાતી મહારાજનાં હાથે બનાવેલું શુધ્ધ, શાકાહારી અને સ્વાદિષ્ટ તેમજ ગરમા-ગરમ, તાજું અને વૈવિધ્યપૂર્ણ ગુજરાતી, પંજાબી, સાઉથ ઈન્ડીયન, ચાઈનીઝ, કાઠીયાવાડી તેમજ કોન્ટીનેન્ટલ બ્રોશરમાં જણાંવ્યા મુજબ B.L.D. Or B.D. આપવામાં આવશે. જૈન પ્રવાસીઓ માટે જૈન ભોજન પણ મળશે. અમુક સ્થળો સિવાય લગભગ બધી જગ્યાએ આશરે ૫ કલાકનાં અંતરે આવતાં હોય છે, અમુક સ્થળોએ પહાડી તેમજ અનેક વળાંકોવાળા રસ્તાઓનાં કારણે પ્રવાસીઓને વોમીટીંગ પ્રોબ્લેમ થતાં હોવાથી ત્યાં લંચ રહેશે નહીં, પરંતુ લંચનાં બદલે કોમ્પ્લીમેન્ટ્રી ફુડ પેકેટ આપવામાં આવશે. આ ત્રણે રાજ્યોમાં મીઠાઈ તથા અન્ય વાનગી બનાવવા માટે દુધનો માવો, પનીર તેમજ અન્ય મીલ્ક પ્રોડક્ટ આપણાં ગુજરાત જેવી ક્વોલિટીનાં મળતાં નથી. નકલી મિલ્ક પ્રોડક્ટસ જેવાં કે નકલી પનીર, નકલી/વાસી માવો કે અન્ય હાનિકારક વસ્તુઓ આપને પીરસીને પ્રવાસ દરમ્યાન ઝાડા-ઉલ્ટી કે ફુડ પોઈઝનીંગ જેવી તકલીફ પડે નહીં તેની પણ અમે કાળજી રાખીશું, એટલે તે માટે બિનજરૂરી વાદ-વિવાદ કરવો નહીં. નાના બાળકો માટે થોડોક જરૂરી નાસ્તો સાથે રાખવો. દરરોજ સવારે ૧ અને સાંજે ૧ એમ ૭૫૦ એમ.એલ. પાણીની પેક બોટલ ૧ વ્યક્તિ દીઠ મળશે. રસ્તામાં દરેક જગ્યાએ ચા-કોફી, મિનરલ વોટર તેમજ મેગી, બિસ્કીટ, વેફર્સ મળતાં જ હોય છે. (B= Breakfast, L=Lunch & D=Dinner)

વિનંતી સાથે ખાસ સ્પષ્ટતા કરવાની કે... જો ગ્રુપમાં પ્રવાસીઓની સંખ્યા ૩૦ વ્યક્તિ કરતાં વધુ હશે તો જ કંપની તરફથી ગ્રુપ કીચન આપવામાં આવશે, પરંતુ જો ઓછી હશે તો જે-તે હોટલનાં રેસ્ટોરન્ટમાંથી ફક્ત બ્રેકફાસ્ટ અને ડીનર આપવામાં આવશે, જેમાં લંચનું કે અન્ય કોઈપણ પ્રકારનું રીફંડ આપવામાં આવશે નહીં, તે ખાસ ધ્યાનમાં રાખવું, કારણ કે અમદાવાદથી રસોડાનાં ૭ માણસોની આવવાં-જવાની રેલવે ટિકીટ તેમજ દૈનિક હાજરી, કીચન મેનેજર ઉપરાંત અલગ કીચન માટેનાં વાહનનું ભાડું, હોટલમાં રસોડું કરવા માટેની જગ્યાનાં ભાડાં અને ખર્ચ કરવો અમને ખૂબ જ મોંઘુ પડે છે, એટલે ૩૦ કરતાં ઓછી સંખ્યાનાં પ્રવાસીઓ માટે અમને કોઈપણ સંજોગોમાં રસોડું કરવું પોસાય નહીં, પરંતુ આસામ-મેઘાલયમાં (૬ દિવસ) અમારું ગ્રુપ કીચન હોવા છતાં પણ અરૂણાચલ પ્રદેશ જનારા પ્રવાસીઓની સંખ્યા ઓછી થશે તો ત્યાં આપને હોટલનાં રેસ્ટોરન્ટ તરફથી બ્રેકફાસ્ટ અને ડીનર આપવામાં આવશે એટલે સહકાર આપવા વિનંતી છે.

ટુર બુકીંગ : આ પ્રવાસમાં ટુર બુકીંગ માટે ૧ વ્યક્તિ દીઠ **Rs. 10,000/- (નોન રીફંડેબલ)** ભરવાનાં રહેશે તેમજ એર ટિકીટ માટે પુરેપુરી રકમ ભરવાની રહેશે. સસ્તી એર ટિકીટ મેળવવા માટે સમયસર બુકીંગ કરાવવું હિતાવહ છે,ત્યાર બાદ ઓનલાઈન ટિકીટ મેળવવાની રહેશે. પ્રવાસનાં ૨૦ દિવસ પહેલાં ફાઈનલ પેમેન્ટ જમા કરાવવું ફરજીયાત છે, અન્યથા તે પ્રવાસી પ્રવાસમાં જોડાવવાનાં નથી તેમ સમજીને તેમનાં નામ, હોટલ તથા અન્ય વ્યવસ્થાઓ કેન્સલ કરવામાં આવશે અને ભરેલાં પેમેન્ટનું કોઈ પણ રીફંડ મળશે નહીં. આપનું પેમેન્ટ અમારી કંપનીનાં એકાઉન્ટમાં જ કરવું.

જો પ્રવાસી અમારી કોઈપણ બ્રાંચમાં કેશ પેમેન્ટ આપે તો અમને તુરંત જ મો.નં. 81410 22336 ઉપર અવશ્ય જાણ કરવી અને કન્ફર્મ કરવું.

ટુર કેન્સલેશન : તમામ પ્રવાસોનાં કેન્સલેશન માટે ટુર બુકીંગ કરાવનાર વ્યક્તિ તરફથી લેખિતમાં ટુર કેન્સલેશન માટેની અરજી મળ્યા બાદ જ પ્રવાસ કેન્સલ કરવામાં આવશે. પ્રવાસ ઉપડવાની તારીખથી ૬૦ દિવસ પહેલાં ૧ ટીકીટ દીઠ રૂા. ૬૦૦૦/- કપાશે, ૩૦ દિવસ પહેલાં ૧ ટીકીટ દીઠ રૂા. ૧૦,૦૦૦/- કપાશે અને ૩૦ દિવસની અંદર બુકીંગ રદ કરાવનારને કોઈપણ પ્રકારનું રીફંડ મળશે નહીં. **વિમાનની ગ્રુપ ટિકીટ નોન રીફંડેબલ રહેશે જ્યારે ઓન-લાઈન ટિકીટનું રીફંડ એરલાઈન્સનાં નિયમ મુજબ રહેશે.** પ્રવાસીનાં કોઈપણ સંજોગોનાં કારણે જો પ્રવાસ કેન્સલ કરવો પડે તેમ હોય તો ટુર બુકીંગની રકમનું કોઈપણ રીફંડ મળશે નહીં, તે સિવાયની વધારાની રકમ માટે **૧ વર્ષ સુધીની વેલીડીટી ધરાવતી ક્રેડીટ નોટ આપવામાં આવશે** જેથી તે પ્રવાસી અમુક સમય બાદ અમારી સાથે અન્ય પ્રવાસમાં ફરીથી જોડાઈ શકે. ૧ વર્ષ પછી ક્રેડીટ નોટ આપોઆપ રદ થશે અને તેનું કોઈપણ જાતનું રીફંડ મળશે નહીં. કોઈપણ સંજોગો દરમ્યાન ફ્લાઈટ કેન્સલ થાય કે રીશીડ્યુલ્ડ થાય તો તેનાં કેન્સલેશનની તેમજ તેનું ફરીથી રીઝર્વેશન કરાવવાની સંપૂર્ણ જવાબદારી પ્રવાસીની જ રહેશે.

લગેજ મેનેજમેન્ટ માટે ખાસ સુચના : આ સમગ્ર રૂટ ઉપર કોઈપણ વાહનમાં કેરીયર લગાવવા પ્રતિબંધિત હોવાથી ખૂબ જ મર્યાદીત લગેજ લેવો જેથી વાહનની ડેકીમાં તેનો સમાવેશ થઈ શકે, નહીંતર પગ પાસે રાખીને મુસાફરી કરવી પડશે અથવા વધારાનો લગેજ ગુવાહાટીમાં જ મુકી દેવો પડશે. અમારી સલાહ મુજબ લગેજમાં એક બેગમાં જરૂરી ડાર્ક કલરનાં કપડાં તેમજ ફોલ્ડીંગ છત્રી લેવી, ત્યાંની ઠંડી માટેનાં ગરમ કપડાં પણ વિમાનમાં બેસતાં પહેલાં પહેરી લેવાં, જેથી બેગમાં વધુ વજન થાય નહીં અને બેગોની સંખ્યા વધે નહીં. વિમાન દ્વારા જનારા પ્રવાસીઓએ ખાસ ધ્યાનમાં રાખવું કે આપની ચેક-ઈન બેગનું વજન ૧૫ કીલો અને હેન્ડ બેગનું વજન ૭ કીલો કરતાં જો વધારે થશે તો વધારાનાં લગેજ માટે ૧ કીલો દીઠ આશરે રૂા.૭૦૦/-થી વધુ એરપોર્ટ ઉપર ફરજીયાત ભરવા જ પડશે.

જો કોઈ પ્રવાસીને ઉપર જણાવેલ અમારી સગવડો અનુકુળ આવે નહીં તો મન દુ:ખ કર્યા વગર બાકીનાં દિવસોનો હીસાબ કરીને અમારા ગ્રુપથી પ્રેમથી છુટા પડી જવું, પરંતુ ટુર મેનેજર કે અન્યની સાથે બિનજરૂરી બુમાબુમ કે અપશબ્દો બોલીને ગ્રુપનાં અન્ય સભ્યોનો આનંદ કરવાનો મુડ બગાડવો નહીં.

પ્રવાસ દરમ્યાન અમુક પ્રવાસીઓ તેમની ઉંમર, શોખ, થાક, શારિરીક ક્ષમતા અને આર્થિક અનુકુળતા મુજબ વધારાનાં મનોરંજન માટે સાઇટસીનનાં સ્થળો પસંદ કરતાં હોય છે અને તે મુજબ પ્રવાસીઓ એક્સ્ટ્રા રૂપિયા ખર્ચ કરતાં હોય છે, પરંતુ જબરજસ્તીથી પ્રવાસીઓ ઉપર તમામ એન્ટ્રી ટિકીટ, બોટ ટિકીટ, મંદિરમાં સ્પેશીયલ દર્શન, રાજ્યની પરમીટ ફી, જુદી-જુદી રાઇડોની તમામ કિંમતનો ખર્ચ જે આશરે ૭૦૦૦/- ૧ વ્યક્તિ દીઠ થતો હોય છે તેને ફરજીયાત પ્રવાસ કિંમતમાં ઉમેરીને પ્રવાસીઓ ઉપર બિનજરૂરી વધારાનો બોજો નાંખવો તે અમને વ્યાજબી લાગતું નથી, એટલે તેનો વિકલ્પ અને પસંદગી અમે પ્રવાસીઓની અનુકુળતા ઉપર જ છોડીએ છીએ. જે તેમણે જે-તે સ્થળે વાહનનાં ડ્રાયવરને કે ટુર મેનેજરને ડાયરેક્ટ ચુકવવાનાં રહેશે. જેનો અંદાજીત ખર્ચ અમે નીચે જણાવેલ છે. ✔ નિશાની કરેલ પેકેજોની કિંમતો ત્યાં ફરજીયાત એક્સ્ટ્રા ચુકવવી જ પડશે.

દા.ત. કાઝીરંગા નેશનલ પાર્કમાં એલીફન્ટ રાઇડ માટે બધા પ્રવાસીઓને ફરજીયાત બેસાડવા અને તેનાં માટે સૌ પાસેથી ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૧૭૦૦/- વધુ લેવાં તે યોગ્ય નથી, કારણ કે નાના બાળકો સાથે આવેલાં અમુક પ્રવાસીઓ કે અમુક સિનિયર સિટીઝનો વહેલી સવારે ૪ વાગે ઉઠીને ઠંડા વાતાવરણમાં આ રાઇડ કરવા માટે સક્ષમ હોતા નથી તેવી જ રીતે હેવી બોડી ધરાવનાર કે ચાલવાની તકલીફ ધરાવનાર અમુક પ્રવાસીઓ અમુક સ્થળોએ પગથીયા ચઢી-ઉતરી શકતાં નથી તેથી તેમની પાસેથી પણ અમુક સ્થળે સાઇટસીન માટેનાં ફરજીયાત ખર્ચા પ્રવાસ કિંમતમાં ઉમેરવા અમને યોગ્ય લાગતાં નથી. ફક્ત ભારતીય પ્રવાસીઓનાં માર્ગદર્શન અને અંદાજ માટે આ રૂટ ઉપર થનારા જુદા-જુદા એક્સ્ટ્રા ખર્ચની અંદાજીત રકમ/વિગતો અમે નીચે વિગતવાર જણાવેલ છે, જેની કિંમતો બદલાતી રહેતી હોય છે. સાઇટસીનનાં સ્થળોએ કંપનીનાં વાહન દ્વારા શક્ય હશે ત્યાં સુધી લઈ જવામાં આવશે ત્યારબાદ પગપાળા અથવા અન્ય રીતે સ્વમેળે અને સ્વખર્ચે જવાનું રહેશે. વિદેશી/એન.આર.આઈ. પ્રવાસીઓ માટે અલગ કિંમત લાગુ પડશે.

આસામ સાઇટસીનમાં થનારા અંદાજીત એક્સ્ટ્રા ખર્ચ આશરે રૂા.૪૫૦૦/- જેનો સમાવેશ પ્રવાસ કિંમતમાં કરવામાં આવેલ નથી

(૧) ગુવાહાટીનાં કામાખ્યા મંદિરમાં સ્પેશીયલ (વી.આઈ.પી.) દર્શન માટે ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૫૦૦/- અથવા બહારથી દર્શન માટે ચાર્જ નથી.
(૨) કાઝીરંગામાં ઓર્ચીડ પાર્કની એન્ટ્રી + લોકલ ફોક ડાન્સ (બીહુ ડાન્સ) ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૨૦૦/-
(૩) કાઝીરંગા નેશનલ પાર્કમાં વહેલી સવારે ૫ કલાકે એલીફન્ટ સફારી માટે ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૧૮૦૦/- + GST અને વધુ
(૪) કાઝીરંગા નેશનલ પાર્કમાં જીપની પરમીટ તેમજ ૨ કલાકની જીપ સફારી માટે ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૬૨૦/- શેરીંગ મુજબ (૧ જીપમાં મિનિમમ ૬ વ્યક્તિ માટે જીપ પરમીટ+ જીપ સફારી સાથે રૂા.૩૮૦૦/- મુજબ) (ફરજીયાત એડવાન્સમાં ચુકવી દેવાનાં રહેશે.) અને વધુ એન્ટ્રી ગેટ મુજબ. જીપ સફારી માટે મર્યાદીત જીપ માટે પરમીટ મળતી હોવાથી પ્રવાસનું બુકીંગ કરાવતી વખતે જ જીપ/એલીફન્ટ સફારીની પુરેપુરી રકમ ભરી દેવી.

ખાસ નોંધ : દર વર્ષે ૧ મે થી ૩૧ ઓક્ટોબર સુધી ચોમાસાનાં કારણે એલિફન્ટ અને જીપ સફારીનાં ટ્રેક ઉપર તેમજ જંગલોમાં પાણી ભરાઈ જતું હોવાથી અને વન્ય પ્રાણીઓનો બ્રિડીંગ ટાઇમ પણ હોવાથી કાઝીરંગા નેશનલ પાર્કને સરકાર દ્વારા કાયદેસર બંધ રાખવામાં આવે છે, તેમ છતાં પણ કાઝીરંગા નેશનલ પાર્કમાં રેહનો વ્યુ પોઇન્ટ તેમજ ગજાનંદ વ્યુ પોઇન્ટ ઉપરથી જંગલી પ્રાણીઓને આખું વર્ષ જોઈ શકાય છે, જેની સૌ પ્રવાસીઓએ નોંધ લેવી.

મેઘાલયા સાઇટસીનમાં થનારા અંદાજીત એક્સ્ટ્રા ખર્ચ આશરે રૂા.૧૧૩૦/- જેનો સમાવેશ પ્રવાસ કિંમતમાં કરવામાં આવેલ નથી

(૫) ઉમીયમ લેક એન્ટ્રી ફી ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૫૦/-
(૬) લેઇટલુમ કેન્યોન એન્ટ્રી ફી ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૨૦/-
(૭) ડોન બોસ્કો મ્યુઝીયમ એન્ટ્રી ફી ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૧૦૦/-
(૮) વર્ડસ લેક એન્ટ્રી ફી ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૨૦/-
(૯) લેડી હૈદરી પાર્ક એન્ટ્રી ફી ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૨૦/-
(૧૦) એલીફન્ટ વોટર ફોલ એન્ટ્રી ફી ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૧૦૦/-
(૧૧) મૌસમાઇ કેવ એન્ટ્રી ફી ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૩૦/-
(૧૨) નૌહકાલીકાઇ એન્ટ્રી ફી ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૫૦/-
(૧૩) ઇકો પાર્ક એન્ટ્રી ફી ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૨૦/-

અહીં જણાવેલ તમામ રાજ્યોનાં તમામ સાઇટસીન માટેની તમામ એક્સ્ટ્રા કિંમતો ફક્ત ભારતીય પ્રવાસીઓ તેમજ ભારતીય પાસપોર્ટ હોલ્ડર્સ માટે છે, એન.આર.આઈ. પ્રવાસીઓ માટે તેની વધુ કિંમત થશે જેની નોંધ લેવાં વિનંતી છે.

અરૂણાચલ પ્રદેશ સાઇટસીનમાં થનારા અંદાજીત એક્સ્ટ્રા ખર્ચ આશરે રૂા.૧૩૭૦/- જેનો સમાવેશ પ્રવાસ કિંમતમાં કરવામાં આવેલ નથી

(૧૪) ભાલુકપોંગ ચેક-પોસ્ટ પાસે અરૂણાચલ બોર્ડરમાં પ્રવેશ માટે ઈનરલાઈન પરમીટ ફી માટે ૨ ફોટા અને આધારકાર્ડ ફરજીયાત છે જે માટેનો ચાર્જ ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૫૦૦/-ની પુરેપુરી રકમ અલગથી બુકીંગ કરાવતી વખતે એડવાન્સમાં ચુકવવાનાં રહેશે.
(૧૫) રસ્તામાં આવતાં જંગ વોટર ફોલની એન્ટ્રી ફી ૧ વ્યક્તિ દીઠ આશરે રૂા.૬૦/-
(૧૬) તવાંગથી ફરજીયાત ત્યાંનાં ટેક્ષી યુનિયનનાં સુમો, ટવેરા, બોલેરો જેવાં વાહનો દ્વારા જ બુમલા પાસ (ચાઇના બોર્ડર), માધુરી લેક, પીકાસો લેક, વાય જંકશન જવું પડે છે ૧ વાહનમાં ૫ કે ૬ વ્યક્તિ બેસીને જઈ શકે છે અને આગળનાં દિવસે તમામ પ્રવાસીઓ માટે ફરજીયાત એન્ટ્રી પરમીટ પણ કઢાવવી પડે છે જેનાં ૧ વાહન દીઠ આશરે રૂા.૫૫૦૦/- થી ૬૦૦૦/- સીઝન મુજબ ચાર્જ છે. (આશરે ૧ વ્યક્તિ દીઠ રૂા.૧૦૦૦/-)
(૧૭) તવાંગ વોર મેમોરીયલ પાસે ૩૦ મિનિટનાં સ્થાનિક કલ્ચરલ શો માટે સ્વખર્ચે ટિકીટ ૧ વ્યક્તિ દીઠ રૂા.૧૦૦/- અને ત્યારબાદ ભારત-ચાઇના વચ્ચે ૧૯૬૨માં થયેલાં યુદ્ધની ૩૦ મિનિટની ડોક્યુમેન્ટ્રી જેમાં લેઝર એન્ડ સાઉન્ડ શો માટે સ્વખર્ચે ટિકીટ ૧ વ્યક્તિ દીઠ રૂા.૧૫૦/-

આ માહિતી ખાસ ધ્યાનપૂર્વક વાંચજો..: ગુવાહાટીમાં ૫ સ્ટાર, ૪ સ્ટાર અને ૩ સ્ટાર કેટેગરીની હોટલો ઉપલબ્ધ હોય છે. કાઝીરંગામાં ૩ સ્ટાર અને તેનાંથી સહેજ હાયર કેટેગરીની મર્યાદીત પ્રિમિયમ હોટલો ઉપલબ્ધ હોય છે, જ્યારે દિરાંગ અને તવાંગમાં ફક્ત ૩ સ્ટાર સમકક્ષ કેટેગરી સુધીની મર્યાદીત હોટલો જ ઉપલબ્ધ હોય છે એટલે પ્રવાસીઓએ આ બાબત ખાસ ધ્યાનમાં રાખવી કે અમુક ઓવર સ્માર્ટ ટુર ઓપરેટરો પ્રવાસીઓને આકર્ષવા માટે તેમની ડીલક્ષ ટુરની આઇટીનરીમાં પ્રિમિયમ કેટેગરીની (૩ સ્ટાર સમકક્ષ) હોટલોની સાથે ડીલક્ષ હોટલોનાં નામ લખે છે અને બાજુમાં **Or Similar** લખે છે પણ તેવી ૩ સ્ટાર હોટલ ડીલક્ષ ટુરમાં આપતાં નથી... પ્રવાસીઓ પણ આગળની એક-બે હોટલોનાં ગુગલ ઉપર ફોટા જોઈને ખુશ થઈને બુકીંગ કરાવે છે પરંતુ ત્યાં ગયા પછી અમુક ટુર ઓપરેટરો તે હોટલ અવેલેબલ નથી તેમ જણાવીને ડીલક્ષ કેટેગરીની હોટલો/હોમ સ્ટેમાં જ રોકાણ આપતાં હોય છે, જ્યારે અમે સ્પષ્ટ રીતે પ્રિમિયમ ગ્રુપ માટે પ્રિમિયમ કેટેગરીની હોટલ અને ડીલક્ષ ગ્રુપ માટે ડીલક્ષ કેટેગરીની હોટલ જ આપીએ છીએ. જો કોઇ પ્રવાસીને રીલની કિંમત મુજબ સસ્તામાં આ પ્રવાસ કરવો હશે તો હોમસ્ટે/ગેસ્ટહાઉસમાં ઉતારો આપવામાં આવશે, જેનું અલગથી પેકેજ બનાવી આપવામાં આવશે.